ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૨ ટકા ● સાંજે ૨૭ ટકા
ગાંધીનગર તાપમાન

# શહેરની મહિલાશકિત વિકાસનો સંદેશ આપે છે

## સમાજની અપેક્ષાઓ સામે મહિલાઓની આંતરિક શકિતઓનો પ્રકાશ કયારેય બુઝાવવો ન જોઈએ

ગાંધીનગર, તા.૭

યત્ર નાર્યસ્તુ પૂજયતે રમન્તે તત્ર દેવતાઃ ।

અર્થાત્

જયાં નારીનું સન્માન થાય છે ત્યાં સાક્ષાત ભગવાન હોય છે.

જયારે પહેલાની રૂઢિચુસ્તતાને પાછળ મુકીને સમાજ આગળ વધી રહ્યો છે ત્યારે નારી સશકિતકરણ પણ એક હદે નારીને આગળ ધપાવી રહ્યું છે. આજની નારી ઘરથી બહાર નીકળીને અને ઘરમાં રહીને પણ પોતાના પગ પર ઉભી થઈ રહી છે. આજે સમાજના દરેક ક્ષેત્રમાં નારીને એક પદ આપવામાં આવી રહ્યું છે. અને નારી તે વાતનો પુરાવો પણ આપી રહી છે. ફિલ્મ, ટીવી, સંરક્ષણ, સરકારી નોકરી, પત્રકારત્વ, એક શેફ તરીકે, ડૉકટર કે એન્જિનિયર બની અનેક ક્ષેત્રે નારી પોતાનું યોગદાન આપી રહી છે. આજે મહિલા પુરુષ સમોવડી જ નહીં પરંતુ તેનાથી બે કદમ આગળ છે. સાથે સાથે મહિલા આજે પોતાના ક્ષેત્રમાં આગળ પડતું કાર્ય કરે છે અને પોતાના ઘરસંસારને પણ સાથે એટલું જ મહત્વ આપી રહી છે ત્યારે આજરોજ ઉજવાતા 'વિશ્વ નારી દિવસ'ની ઉજવણી રૂપે સમાજની મહિલાઓ નારી શકિતને ઉજાગર કરવા સંદેશો પાઠવે છે.



● ધરતીની ઉપમાને અગ્નિની તાજ મનાતી મહિલાથી જ દુનિયાનું ઘડતર થાય છે. જો મહિલા અત્યારના આધુનિક, તણાવયુકત જીવનમાં પણ સતત કુટુંબની પડખે ઉભી રહી શારીરિક, માનસિક અને આર્થિકરૂપે મદદરૂપ થઈ શકે છે તો સશકિતકરણ માટે તેને કોઈ રોકી શકે તેમ નથી.

**- ડો. કાજલ ત્રિવેદી, ડોકટરેટ ઈન ઓબેસીટી એન્ડ ન્યુટ્રીશ્યન કન્સલટન્ટ**




● મહિલા ગૃહિણી હોય કે ઓફિસર પોતે પોતાના માટે બાહોશ અને નીડર બનવું જોઈએ. મુશ્કેલી આવે તો હિંમતથી તેનો ઉકેલ લાવવો જોઈએ અને મારા કહેવા મુજબ મહિલાએ સાસુ નહીં પણ 'મા' બનવું જોઈએ. દીકરીને ભણાવીએ એજ રીતે વહુને પણ ભણાવીને આગળ વધારીએ.

**- નીરૂબેન નાયક, ઉપપ્રમુખ જયોતિ મહિલા મંડળ**



● આજના દિવસોમાં ઘણી મહિલા તળિયેથી ઉપર આવી છે અને પોતાનું અસ્તિત્વ બનાવ્યું છે. સરકારે ૩૩ ટકા સ્ત્રી અનામત આપ્યું તે પણ ઘણું લાભદાયક છે. ધારો તો બધું જ શકય છે જો મહેનત અને લગનથી કામ કરવામાં આવે.

**- હંસાબેન મીજીયાતર, સંયુકત સચિવ, મહિલા અને બાળવિકાસ વિભાગ**




● મહિલા તરીકે ગમે તેટલું કામ કરો પણ મહિલાએ તેની કુટુંબ પ્રત્યેની મૂળભૂત ફરજો ન ભૂલવી જોઈએ. મહિલાએ પોતાના માટે સમય કાઢવો જ જોઈએ. વ્યવસાય ગમે તે હોય પોતાના શોખને પણ જીવી લેવું જોઈએ.

**- ગાર્ગી પસારી ઠક્કર, કલાગુરૂ**



● મહિલા શકિતનું સ્વરૂપ છે. ઈશ્વરનું સૌથી સુંદર સર્જન છે. જેના વગર બીજું સર્જન શકય નથી. મહિલા શકિત, બુધ્ધિ, પ્રેમ અને સુંદરતાનું અદભુત મિશ્રણ છે. મહિલાએ સમાજની અપક્ષાઓ સામે પોતાની આંતરિક શકિતઓનો પ્રકાશ ન ભુસાવા દેવો જોઈએ. દરેક મહિલાએ પોતાની જાતને પ્રેમ કરવો જોઈએ અને તે બધું જ કરવા સમર્થ છે તે ભૂલવું ન જોઈએ.

**- ડો. વેદાંગી દવે**



● મહિલા એક માતા, દીકરી, પત્નિ, ભાભી, વહુ જેવા ઘણા પાત્ર ભજવે છે. સ્ત્રી એ કુટુંબનો પાયો છે. મારા મતે કુટુંબની મદદ નગર મહિલા કાંઈ જ નથી. જો તેના કુટુંબ દ્વારા તેને તે જેમ છે તેમ સ્વીકારાય ને તો પણ તે સશકત છે તેમ કહી શકાય.

**- લીસી જોય, શિક્ષિકા**



● મહિલાએ કોઈ પણ સંજોગોમાં બને ત્યાં સુધી કોઈની મદદ લીધા વગર પોતાના પગ પર ઉભા રહેવું. હાલમાં અમુક મોલ કે દુકાનમાં કામ કરતી મહિલાનું જે શોષણ થાય છે તે અંગે તેમને મદદ કરવી જોઈએ.

**- લલીતા પવાર, એડવોકેટ**


● એક મહિલા તરીકે જયારે મુશ્કેલીઓનો સામનો કરવાનો આવે ત્યારે મારા મતે મહિલાઓએ આત્મવિશ્વાસ સાથે તેનો સામનો કરવો જોઈએ. મારા મતે ખુશ રહેતી મહિલા એ પોતાનામાં જ એક સુંદરતાનું સ્વરૂપ છે.

**- કિંજલ દવે, એમબીએ સ્ટુડન્ટ**



● મહિલા એટલે શકિત. આ શકિત એ કુદરતની દેન છે. મહિલાઓની આભુષણ, શકિત, સૌંદર્ય, શ્રધ્ધા અને શાંતિ સાથે દરેક ક્ષેત્રે કામ કરવાની કુશળતા એ મહિલાઓની એક આગવી કળા છે.

**- અમિતાબેન વાઘેલા, એડવોકેટ**



● ૨૦ વર્ષથી હું તો શાકભાજી વેચું છું પણ હું ઈચ્છીશ કે મારી દીકરી ભણીને આગળ વધે અને સમાજની દરેક દીકરીઓએ સારું ભણી, નોકરી કરી આગળ વધવું જોઈએ.

**- ગોદાવરીબેન દેવીપૂજક, શાકભાજીના વેપારી**



● મારા મતે મહિલાએ પોતાના પગ પર ઉભા રહેવું જોઈએ જેથી કોઈ પાસે હાથ લાંબો ન કરવો પડે સાથે તેના બાળકને પણ ભણાવીને આગળ વધારવા જોઈએ.

**- જશુબેન રબારી, રીક્ષા ચાલક**



● ગૃહિણી મલ્ટીપલ રોલ ભજવે છે અને કુટુંબને પોતાનું સર્વસ્વ આપીનો આગળ લાવવા પ્રયત્ન કરે છે. મારા મતો વિશ્વ મહિલા દિવસની ઉજવણી સ્ત્રીઓને સન્માન આપવા અર્થે થવી જ જોઈએ.

**- રેખા ટાટરીઆ, ગૃહિણી**

# ઉનાવાની 3 વીઘા જમીન ખોટા દસ્તાવેજ ઉભા કરી વેચાણ કરતા પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર-માણસા માર્ગ પર આવેલા ઉનાવા ગામના ખેડુતની ત્રણ વિઘા જેટલી જમીન ખોટા દસ્તાવેજ ઉભા કરીન બારોબાર વેચાણ કરનાર ત્રણ નાગરીકો સામે ફરીયાદ નોંધાઈ છે. ગામના સરપંચ સહિત ત્રણ નાગરીકોના કાવતરા સામે એસપી કચેરીએ રજુઆત બાદ સમાજવતી ગોંવિદભાઈ ઈશ્વરભાઈ ચૌહાણે પેથાપુર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. જેને અનુલક્ષીને ગામના તત્કાલીન સરપંચ મહેશ મણીભાઈ પટેલ, રમણ ચિમનભાઈ ચૌહાણ અને કલોલના પ્રતાપપુરાના માણેકબેન નાથાભાઈ સામે છેંતરપિંડી, વિશ્વાસઘાત અને ગુનાહિત ષડયંત્રનો ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ઉનાવા ગામે વાલ્મિકી સમાજના ખેડુતની ત્રણ વિઘા જમીન આવેલી છે. આ મજમીન વાલ્મિકી સમાજના કેશાભાઈના નામે બોલતી હતી. તેમના મૃત્યું બાદ જમીન તેમની પત્નિ જમનાબેન નામે થઈ ગઈ હતી. વર્ષ ૧૯૮૩માં જમનાબેનનું મૃત્યું થયું હતું. પરંતુ વર્ષ ૨૦૧૦ સુધી રેકર્ડ પર જમીન તેમના નામે બોલતી હતી. તે સમયે ગામના તત્કાલીન સરપંચ મહેશ મણીલાલ પટેલ તેમજ વાલ્મિકી વાસના રમણ ચીમનભાઈ ચૌહાણે નાગરીકોને જમીન નવીમાંથી જુની શરત કરવાનું કહીને બંન્ને જણાએ વાલ્મિકી સમાજના નાગરીકોની સહીઓ લીધી હતી. જે પૈકી વર્ષ ૨૦૧૩માં આ જમીન બંને સાથે મળીને અન્યને વેચી દીધી હતી. નાગરીકોએ વેચાણ રજીસ્ટર દસ્તાવેજ ચેક કર્યો તો જમીનમાં નવિનભાઈ હીરાલાલ શાહ, નિતિનભાઈ કનુભાઈ પટેલ, અને પ્રવિણભાઈ અરવિંદભાઈ શાહનું નામ બોલતુ હતું. જમીન જેમના નામે બોલતી હતી તે કેશાભાઈ અને જમનાબેનને એક પુત્રી બબુબેન હતા. જેમના લગ્ન કલોલ તાલુકાના પ્રતાપપુરા ખાતે રહેતા નાથાભાઈ શંકરભાઈ સાથે થયા હતા. બબુબેનના મોત બાદ નાથાભાઈએ બીજા લગ્ન પાનસર ખાતે રહેતા જુગાભાઈ વાલ્મિકીની દીકરી માણેકબેન સાથે લગ્ન કર્યા હતા. જેનો ગેરફાયદો ઉઠાવીને માણેકબેને સીધી લીટીના વારસદાર ન હોવા છતા પોતે જમનાબેનની પુત્રી હોવાનું ખોટું પેઢીનામું સોંગદનામું તૈયાર કરી જમીનની નોંધ પોતાના નામે કરાવી હતી. જેની મદદથી તેમણે જમીનની જનરલ પાવર ઓફ એર્ટની મહેશ પટેલને આપી હતી. જેની મદદથી મહેશ પટેલે જમીન વેચાણ કરી દીધી હતી. જે અંગે પોલીસ ફરીયાદ નોંધાતા પેથાપુર પોલીસે ફરીયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# વિશ્વ મહિલા દિને 'સમાજમિત્ર'ના તંત્રી રસીલાબેન પરમાર સન્માનિત




ગાંધીનગર, તા.૭

૮ માર્ચ - વિશ્વ મહિલા દિનની ઉજવણીના ભાગરૂપે અમદાવાદમાં 'મંતવ્ય ન્યૂઝ ફાઉન્ડેશન - ચેનલ'ના ઉપક્રમે વિવિધ ક્ષેત્રની પ્રતિભાશાળી મહિલાઓના સન્માન માટે યોજાયેલા સમારંભમાં, વંચિતોની સેવાને સમર્પિત સામયિક 'સમાજમિત્ર'ના તંત્રી રસીલાબેન પરમાર(ગાંધીનગર)ને પણ એન્ટરપ્રિનિયર-સમાજસેવક સુશ્રી અનાર પટેલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગુજરાત મહિલા આયોગના લીલાબેન અંકોલિયા, રાજ્યના અગ્ર સચિવ અંજુ શર્મા સહિતની મહિલા અગ્રણીઓ, મોટી સંખ્યામાં બહેનો સૌ ઉપસ્થિત રહ્યા હતા.

# ચિલોડા ખાતે સિનિયર સીટીઝન પ્રમાણપત્ર મેળવવા અંગે કેમ્પ યોજાયો




ચિલોડા, તા.૭

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત ગ્રામ પંચાયત કચેરી તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ કાનૂની કલીનીક ખાતે ૬૦ વર્ષથી વધુ વય ધરાવતા વરિષ્ઠ નાગરિક હોવાનું પ્રમાણપત્ર મેળવવા માટે ચિલોડા સિનિયર સિટીઝન કલબના સહયોગથી એક સુંદર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ચિલોડા ગામમાં રહેતા સ્થાનિક નાગરિકો જેઓ ૬૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા ૧૬૮ નાગરિકોએ પોતાના પુરાવા સાથે ઉપસ્થિત રહી પ્રમાણપત્રનું નિયત ફોર્મ, રહેઠાણનો પુરાવા સહિત કેમ્પનો વિશેષ લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં અગ્રણી અશોકભાઈ પટેલ, વકીલ સુધાબેન પટેલ, નટુભાઈ પટેલ, પીએલવી મધુસુદનભાઈ જોષી પીએલવી પેનલ એડવોકેટ સતિષભાઈ જે. વાઘેલા તથા ગામના અગ્રણીઓએ મોટી સંખ્યામાં કેમ્પમાં ઉપસ્થિત રહી સફળ કેમ્પ માટે જહેમત ઉઠાવી હતી.

# સેકટર-૭ સી ખાતેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૭

શહેરમાં બાઈક ચોરીના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે. પહેલા સિવિલ કેમ્પસને વાહન ચોરી માટે ટાર્ગેટ કરતા હતા. પરંતુ હવે સેકટરોમાં ઘર પાસે પાર્ક કરેલા વાહનો પણ સલામત રહ્યા નથી. પોલીસ પેટ્રોલીંગ અને સીસીટીવીની નજર વચ્ચે પણ ચોર ઈસમો બિન્દાસ્ત બનીને વાહનની ઉઠાંતરી કરી પલાયન થઈ જાય છે. ત્યારે ગાંધીનગર શહેરના સેકટર-૭ સી ખાતે ગત તા. ૨૭ ફેબુઆરીના રોજ ઘરે રાત્રે પાર્ક કર્યું હતું. ત્યારબાદ સવારે ઉઠીને યુવકે જોયું તો પોતાનું પાર્ક કરેલું બાઈક ગાયબ હતું. યુવાને પોતાની રીતે શોધખોળ કર્યા બાદ બાઈક ના મળતા સેકટર-૭ પોલીસ મથકે ગુનોં નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૭ સી પ્લોટ નં.૧૦૦૧-૧ ખાતે પોતાના મિત્રને ત્યાં રહીને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારીઓ કરતા અને મુળ રાજકોટના સંજય ચુડાસમાનું ઘર પાસે પાર્ક કરેલું બાઈક નં. જીજે.૦૩ એફ.એમ.-૪૬૮૧ ઉઠાંતરી થવા પામી છે. સંજયભાઈએ ગત તા.૨૭ ફેબુઆરીના રોજ બાઈક રાત્રે ઘર પાસે પાર્ક કર્યું હતું. સંજયભાઈએ સવારે પોતાનું બાઈક ઘર પાસે પાર્ક કરેલું ના જોવા મળતા ચોંકી ઉઠ્યા હતા અને શોધખોળ આદરી હતી. પરંતુ મિત્ર વર્તુળમાં પણ તપાસ કર્યા બાદ બાઈકનો કોઈ પત્તો લાગ્યો ન હતો. જયારે સંજયભાઈએ સે-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મગોડી સ્થિત પી.આર. ઠકકર વિદ્યાવિહાર ખાતે એસએસસી કેન્દ્રના પરીક્ષાર્થીઓનું સ્વાગત



ગાંધીનગર તાલુકાના મગોડી સ્થિત પી.આર. ઠકકર વિદ્યાવિહાર એસ.એસ.સી. પરીક્ષાના પ્રથમ દિવસના પ્રારંભે પરીક્ષાર્થીઓનું ગુલાબનું ફુલ તેમજ કંકુનું કુમકુમ તિલક અને સાકરથી મીઠું મોં કરાવીને તમામ વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા હતા. તમામ ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાના વિદ્યાર્થીઓ ભયમુકત અને આત્મવિશ્વાસપૂર્વક પરીક્ષા આપી શકે તે માટે શાળા દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને આવકારવા શ્રી કેળવણી મંડળ મગોડીના પ્રમુખ મફતભાઈ પટેલ, ગામના સરપંચ કેશાજી ઠાકોર તથા શાળાના આચાર્યા મનુભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાળાના પ્રારંભે કોલવડામાં પાણીના પોકાર



ગાંધીનગર,તા.૭

ગાંધીનગર શહેરને અડીને આવેલા કોલવડા ગામમાં જવાના માર્ગ પર આસપાસ ૨૦૦થી વધુ મકાનો આવેલા છે. આ રહેણાંક વિસ્તારમાં છેલ્લા એક માસથી પીવાનું પાણી મળતું નથી. કોલવડા ગામથી ગાંધીનગર તરફના માર્ગનું નવીનીકરણનું કામ ચાલુ હતું તે સમયે પાણી બંધ કરવામાં આવ્યું હતું. ત્યારે માર્ગનું કામ પૂર્ણ થઈ ગયા હોવા છતા ગ્રામ પંચાયત દ્વારા પાણી આપવામાં આવતુ ન હોવાની ફરીયાદો ગ્રામજનોમાં ઉઠવા પામી છે. ગ્રામ પંચાયત સમક્ષ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવા છતા ગ્રામ પંચાયત દ્વારા પાણી વિતરણ ન કરાતા સ્થાનિક રહીશોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. તો બીજીતરફ ૨૦૦ જેટલા મકાન ધારકોને રૂપીયા ખર્ચીને પાણીનું ટેન્કર મંગાવવું પડે છે. એક તરફ લગ્નસરાની સિઝન ચાલી રહી છે અને ઉનાળાના પ્રારંભે જ પાણીના પોંકાર ઉઠવા પામ્યા છે. ત્યારે ગામના સરપંચ અને ચુંટાયેલા પ્રતિનિધીઓ પાણીની ફરીયાદ દુર કરવામાં નિષ્ફળ નિવડ્યા છે. ત્યારે હાલમાં આ વિસ્તારમાં દુષ્કાળ જેવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. આ વિસ્તારમાં રહેતા નાગરીકોમાં ખાસ કરીને નાના બાળકો, મહિલાઓ, વડીલો સહિતને પાણી વિના ટળવળવાનો વારો આવ્યો છે. ત્યારે આ રહેણાંકના નાગરીકો તેઓને સત્વરે પાણી મળે તેની કાગડોળે રાહ જોઈ રહ્યા છે.




વિશ્વ મહિલા દિવસની ઉજવણી નિમિત્તે જયોતિ મહિલા મંડળ અને અખિલ ભારતીય સંઘ દ્વારા ગુજરાત સંગીત નાટક એકેડમી દ્વારા જયશ્રી પરીખ દિગ્દર્શીત નાટક 'કૃષ્ણ ભકત સુરદાસ'નું મંચન કરવામાં આવ્યું હતું. ૧૦૦૦થી વધુ બહેનોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જયારે કડી ગર્લ્સ હોસ્ટેલ દ્વારા સુંદર સહકાર પ્રાપ્ત થયો હતો. આ નાટકની પ્રસ્તુતિ ડૉ. ચેતના બુચ, શર્મિષ્ઠાબેન દવે, હર્ષાબા ધાંધલ દ્વારા ઉત્તમ રીતે સંપન્ન કરવામાં આવી હતી.

# વણકર સમાજ દ્વારા જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૭

વણકર જ્ઞાતિના તમામ ગોળ/પરગણાના યુવક યુવતીઓ જેમાં લગ્ન/પુનઃ લગ્ન/ શારીરિક અપંતા ધરાવતા તથા વિધવા/ વિધુર દરેકને તેમના જીવન ધોરણ અને શૈક્ષણિક લાયકાતને અનુરુપ પોતાનો જીવનસાથી મળી રહે તે હેતુથી જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેની ફોર્મ ફી ૩૦૦ રૂપિયા સાથે ફોર્મ ગાંધીનગર નિવાસી દશરથલાલ મ. પરમારના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૪૦/૨, સે-૭-બી ફોન નં. ૯૫૭૪૧૨૨૦૨૩ ખાતે નિયત સમયે જમા કરાવવા સમાજના અગ્રણી દ્વારા જણાવાયું છે.